# હિસાબ નિયામકશ્રીની કચેરી

નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની એકવીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૦૪/૦૮/૨૦૨૨ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :**

**તા: ૦૪/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧. | ડો. ઝેડ. પી. પટેલ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| ૨. | શ્રી સુધીર યુ. ઉપાધ્યાય | નાયબ સચિવશ્રી (કૃષી યુનિ.) કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | - |
| ૩. | શ્રી ડી.બી. નિમાવત | નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર. | - |
| ૪. | શ્રીમતિ પ્રફુલ્લાબેન એન. દેસાઈ | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી. | હાજર |
| ૫. | ડો. અલ્કા સિંઘ | સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૬. | ડો. એચ.વી.પંડયા | સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૭. | ડો. તીમુર અહલાવત | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી. | ઓન લાઇન હાજર |
| ૮. | શ્રી ચિરાગ બી. નાયક | સભ્ય સચિવ અને હિસાબ નિયામક, ન,યુ.કૃ. નવસારી. | હાજર |

**નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.**

સૌ પ્રથમ નાણાં સમિતિની **એકવીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૨૧.૧ તા. ૨૭/૦૧/૨૦૨૨ ના રોજ મળેલ વીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૨૭/૦૧/૨૦૨૨** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની વીસમી બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૦.૦૧ થી ૨૦.૦૮** સુધીની વંચાણે લેવામાં આવી અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૨ તા. ૨૭/૦૧/૨૦૨૨ ના રોજ મળેલ વીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગલાની નોંધ લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૨૭/૦૧/૨૦૨૨** ના રોજ મળેલ વીસમી બેઠકના **મુદ્દા નં. ૨૦.૦૧ થી ૨૦.૦૮** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૩ સને ૨૦૨૨-૨૩ ના વિકાસ ખર્ચ અને સ્થાયી ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ નાણાં વિભાગ તરફથી મંજુર થયેલ છે, જે વંચાણે લઈ અંદાજોની મર્યાદામાં સને ૨૦૨૨-૨૩ ના વર્ષ માટે ખર્ચ કરવાની મંજુરી આપવા બાબત.**

"નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના **સને ૨૦૨૨-૨૩** ના વર્ષની વિકાસ ખર્ચ યોજનાઓની અંદાજપત્રની મંજુર જોગવાઈ **રૂ.૭૪૪૩.૫૫ (લાખ)** અને સ્થાયી ખર્ચ માટે **રૂ.૮૮૫૭.૫૧ (લાખ)** એમ કુલ **રૂ.૧૬૩૦૧.૦૬ (લાખ)** નાણાં વિભાગ દ્વારા જોગવાઈ મંજુર કરેલ છે, જેને નાણાં સમિતિ દ્વારા સ્વીકારવામાં આવે છે અને મંજુર જોગવાઈની મર્યાદામાં નાણાંકિય **વર્ષ ૨૦૨૨-૨૩ માં** ખર્ચ કરવા અનુમતિ આપી, નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે**.** "

**(અમલ :- હિસાબ નિયામકશ્રી અને સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૪ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનો સને ૨૦૨૧-૨૨ નો વાર્ષિક હિસાબ મંજુર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે નવસારી કૃષિ યુનિવર્સિટીના **સને ૨૦૨૧-૨૨** (તા. ૦૧.૦૪.૨૦૨૧ થી તા. ૩૧.૦૩.૨૦૨૨) ના વાર્ષિક હિસાબને નાણાં સમિતિ મંજુર કરી નિયામક મંડળમાં રજુ કરવા ભલામણ કરવામાં આવે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૫ યુનિવર્સિટી કક્ષાએ ચાર્ટડ એકાઉન્ટ દ્વારા કરવાની થતી વિવિધ કામગીરીઓ માટે એજન્સી નક્કી કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરી ખાતેથી કરવામાં આવતી તમામ પ્રકારની નાણાકીય લેવડ-દેવડ દરમ્યાન કરવામાં આવેલ **આવકવેરાની કપાતના TDS રિટર્ન ફાઈલ, GST રિટર્ન ફાઈલ, AUC Certify કરવાની કામગીરી, રૂ. ૧.૦૦ લાખથી ઉપરના બીલોનું પ્રિ-ઓડિટ કાર્ય તેમજ યુનિવર્સિટીની તમામ આવકોનું રિટર્ન ફાઈલ કરવાની કામગીરી** માટે સામેલ **એનેક્ષર-૧** મુજબ ચાર્ટડ એકાઉન્ટની સેવા ત્રણ વર્ષ માટે સોપવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ ધ્યાને લઇ ખરીદ સમિતિમાં સ્ટેચ્યુટ **17(ii)(ii)** મુજબ ભલામણ મેળવવા સૂચન કરે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૬ બિન–શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/પેન્શનરોના સાતમા પગારપંચના પગાર/પેન્શન તફાવતની રકમની ચુકવણી કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના બિન-શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/પેન્શનરોના સાતમા પગારપંચના પગાર/પેન્શન તફાવતની રકમની ચુકવણીની મંજૂરી સરકારશ્રી તરફથી મળતા જેનું ચૂકવણું નોન પ્લાન યોજના સદરે આવક/બચત રહેલ ફંડ માંથી કરવા બાબતે નાણાં સમિતિ ધ્યાને લઇ મંજુર કરી નિયામક મંડળમાં મંજૂરી અર્થે રજૂ કરવા માટે ભલામણ કરે છે. "

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૭ શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓ/પેન્શનરોના સાતમા પગારપંચના પગાર/પેન્શન તફાવતની રકમની ચુકવણી કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીના શૈક્ષણિક સંવર્ગના કર્મચારીઓના સાતમા પગારપંચના પગાર તફાવતની રકમ **રાજ્ય સરકારના ફાળેથી ચુકવવાની થતી ૫૦% રકમ** હાલ જે તે કર્મચારીનો રેગ્યુલર પગાર બીલનો ખર્ચ જે બજેટ સદરે ઉગાવવા તેમજ બાકી રહેતી **૫૦% રકમ કેન્દ્ર સરકારના (ICAR) હિસ્સાની રકમ ICAR** તરફથી મળેલ ગ્રાન્ટ નવા બજેટ સદરે ફાળવી ખર્ચ ઉગવવા અને શૈક્ષણિક સંવર્ગના પેન્શનરોને સાતમા પગારપંચના પેન્શન તફાવતની **૧૦૦% રકમનો ખર્ચ રાજ્ય સરકારના ફાળેથી** ઉગવવા બાબતને નાણાં સમિતિ ધ્યાને લઇ મંજુર કરી નિયામક મંડળમાં મંજૂરી અર્થે રજૂ કરવા માટે ભલામણ કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૮ નવસારી કૃષિ યુનિવર્સિટી વ્દારા વેટરનરી, ડેરી અને ફિશરીઝ વિદ્યાશાખાના વિદ્યાર્થીને આપવામાં આવતા ગોલ્ડ મેડલ માટે ડોનેશનની રકમ કામધેનુ યુનિવર્સિટીને તબદીલ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, **સ્વ. જયાબેન નંદલાલ વ્યાસ અને સ્વ. નંદલાલ પીતામ્બર વ્યાસ ગોલ્ડ પ્લેટેડ સિલ્વર મેડલ**" ના તા. ૩૧/૦૧/૨૦૨૨ સુધીના વ્યાજ સાથે દાતાનું ભંડોળ **રૂ.૧,૬૪,૬૬૬/– (અંકે રૂપિયા એક લાખ ચોસઠ હજાર છસો છાસઠ પુરા)** કામધેનુ યુનિવર્સિટી, ગાંધીનગરને ટ્રાન્સફર કરવામાં આવ્યું હતું. જેને નાણાં સમિતિ ધ્યાને લઇ મંજુર કરે છે."

**(અમલ :– હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૧.૯ તા.૦૧/૦૪/૨૦૨૧ થી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પશુપાલન મત્સ્યપાલન અને પોલિટેકનીક કોલેજો, કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થતાં કર્મચારી/અધિકારીઓનાં જી.પી.એફ. હિસાબો કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, તા.૦૧/૦૪/૨૦૨૧ થી નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પશુપાલન મત્સ્યપાલન અને પોલિટેકનીક કોલેજો, કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થતાં સાથે તબદીલ થયેલ

કર્મચારી/અધિકારીઓનાં જી.પી.એફ. ની બેલેન્સ રકમ **રૂ.૪,૫૬,૪૦,૦૯૪/-** ( અંકે રૂપિયા ચાર કરોડ છપ્પન લાખ ચાલીસ હજાર ચોરાણું પુરા) કામધેનુ યુનિવર્સિટીને તબદીલ કરવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ ધ્યાને લઇ મંજુર કરે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં.૨૧.૧૦ તા.૦૧/૦૪/૨૦૨૧ થી નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી હસ્તકની પશુપાલન મત્સ્યપાલન અને પોલિટેકનીક કોલેજો, કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થતાં વિવિધ યોજનાઓની બચત કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, **તા.૦૧/૦૪/૨૦૨૧ થી** નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની પશુપાલન મત્સ્યપાલન અને પોલિટેકનીક કોલેજો, કામધેનુ યુનિવર્સિટીમાં તબદીલ થતાં **સામેલ પત્રક-૧** માં જણાવ્યા મુજબની વિવિધ યોજનાઓની બચત **રૂ.૪૬,૧૪,૫૦૮/-** કામધેનુ યુનિવર્સિટી ખાતે તબદીલ કરવામાં આવેલ છે. જેને નાણાં સમિતિ ધ્યાને લઇ મંજુર કરે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

**સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.**

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૪૨૧૬-૨૨/૨૦૨૨**
**તા.૦૮/૦૮/૨૦૨૨**

**નકલ સવિનય રવાના:-**

**૧.** શ્રી સુધીર યુ. ઉપાધ્યાય, નાયબ સચિવશ્રી (કૃષી યુનિ.) કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
**૨.** શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર(કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
**૩.** શ્રીમતિ પ્રફુલ્લાબેન એન. દેસાઈ, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
**૪.** ડો. અલ્કા સિંઘ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
**૫.** ડો. એચ.વી.પંડ્યા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
**૬.** ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
**૭.** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની નાણાં સમિતીની બાવીસમી બેઠક (ઓનલાઈન/ઓફલાઈન માધ્યમથી) તા: ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ બપોરે 03:30 કલાકે "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે માન. કુલપતિશ્રીના અધ્યક્ષપણા હેઠળ મળેલ જેની કાર્યવાહી નોંધ :**

**તા: ૨૦/૧૨/૨૦૨૨ ના રોજ મળેલ બેઠકમાં નીચે મુજબના સભ્યશ્રીઓએ હાજરી આપી.**

| અ.નં. | સભ્યશ્રીનું નામ | હોદો | સહી |
|---|---|---|---|
| ૧. | ડો. ઝેડ. પી. પટેલ | અધ્યક્ષ અને કુલપતિશ્રી, ન.કૃ.યુ., નવસારી | હાજર |
| ૨. | શ્રી સુધીર યુ. ઉપાધ્યાય | નાયબ સચિવશ્રી (કૃષી યુનિ.) કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર. | - |
| ૩. | શ્રી ડી.બી. નિમાવત | નાણાં સલાહકાર (કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર. | - |
| ૪. | ડો. જેરામભાઇ ગોમનભાઇ પટેલ | સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી. | હાજર |
| ૫. | ડો. અલ્કા સિંઘ | સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ., નવસારી. | ઓન લાઈન હાજર |
| ૬. | ડો. એચ.વી.પંડ્યા | સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૭. | ડો. તીમુર અહલાવત | આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ., નવસારી. | હાજર |
| ૮. | શ્રી ચિરાગ બી. નાયક | સભ્ય સચિવ અને હિસાબ નિયામક, ન,યુ.કૃ. નવસારી. | હાજર |

**નાયબ સચિવશ્રી (કૃષિ યુનિ.) અને નાણાં સલાહકાર અનિવાર્ય સંજોગોમાં હાજર રહી શકયા ન હતા. જેમની ગેરહાજરીને માન્ય રાખવામાં આવી.**

સૌ પ્રથમ નાણાં સમિતિની **બાવીસમી** બેઠકમાં ઉપસ્થિત રહેલ સભ્યશ્રીઓને સભ્યસચિવશ્રીએ આવકાર્યા અને મીટીંગ માટેનું જરૂરી કોરમ થતા, મિટીંગની કાર્યવાહી ચાલુ કરવામાં આવી.

**મુદ્દા નં. ૨૨.૧ તા. ૦૪/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ એકવીસમી બેઠકની કાર્યવાહી નોંધ મંજુર થવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે **તા. ૦૪/૦૮/૨૦૨૨** ના રોજ "યુનિવર્સિટી ભવન" નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે મળેલ નાણાં સમિતિની એકવીસમી બેઠકની કાર્યવાહી નોંધના **મુદ્દા નં. ૨૧.૦૧ થી ૨૧.૧૦** સુધી વંચાણે લેવામાં આવ્યા અને જે સર્વાનુમતે માન્ય રાખી મંજૂર કરવામાં આવે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૨ તા. ૦૪/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ એકવીસમી બેઠકની કાર્યવાહી નોંધના નિર્ણય ઉપર લેવાયેલ પગાલાની નોંધ લેવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નાણાં સમિતિની **તા. ૦૪/૦૮/૨૦૨૨** ના રોજ મળેલ એકવીસમી બેઠકના **મુદ્દા નં. ૨૧.૦૧ થી ૨૧.૧૦** સુધી લેવાયેલ પગલાં અંગે નોંધ લીધી."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૩ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના સ્થાયી ખર્ચનું સૂચિત અંદાજપત્રીય જોગવાઈ મંજૂર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું **સને ૨૦૨૩-૨૪** ના વર્ષનું સ્થાયી ખર્ચ (આયોજન બહાર) યોજનાઓનો કુલ અંદાજ **રૂ. ૧૧૭૯૫.૯૧ (લાખ)** પૈકી યુનિવર્સિટીની સૂચિત આવક **રૂ. ૨૯૦.૮૧ (લાખ)** બાદ કરી નેટ અંદાજ **રૂ. ૧૧૫૦૫.૧૦ (લાખ)** સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળશ્રીની કાર્યોત્તર મંજૂરી અર્થે રજૂ કરવા ભલામણ કરે છે."

**(અમલ :- હિસાબ નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૪ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ની વિકાસ ખર્ચની ચાલુ યોજનાઓની સૂચિત અંદાજપત્રીય જોગવાઈ મંજૂર કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકની **વિકાસ ખર્ચ (પ્લાન)** ની નાણાંકીય **વર્ષ ૨૦૨૩-૨૪** માટે ચાલુ યોજનાઓ માટે **રૂ. ૮૩૭૬.૫૮** લાખની (સામેલ પત્રક ૧૫.૪.૧ મુજબ) અંદાજપત્રીય જોગવાઇને સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળશ્રીની કાર્યોત્તર મંજૂરી અર્થે રજૂ કરવા ભલામણ કરે છે. "

**(અમલ:-સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૫ નાણાકિય વર્ષ ૨૦૨૩–૨૪ની અંદાજપત્રીય જોગવાઇમાં મુકવાના થતા સુચિત નવા બાંધકામોની સમીક્ષા કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક વિકાસખર્ચ હેઠળ આગામી વર્ષ ૨૦૨૩-૨૪ની અંદાજપત્રીય જોગવાઇમાં સુચિત નવા બાંધકામો (સામેલ પત્રક ૧૫.૫.૧ મુજબ) સરકારશ્રીમાં રજૂ કરવા નાણાં સમિતિ ભલામણ કરે છે. "

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૬ નાણાકીય વર્ષ ૨૦૨૩–૨૪ની અંદાજપત્રીય જોગવાઇમાં મુકવાના થતા રૂ. ૫.૦૦ લાખ કે તેથી વધુ કિંમતના નોન રીકરીંગ સાધનોની સમીક્ષા કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક વિકાસ ખર્ચ યોજનાની આગામી **વર્ષ ૨૦૨૩–૨૪** ની અંદાજપત્રીય જોગવાઇમાં મુકવાના થતા **રૂ. ૫.૦૦ લાખ** કે તેથી વધુ કિંમતના નોન રીકરીંગ સાધનોને (સામેલ પત્રક ૧૫.૬.૧ મુજબ) સરકારશ્રીમાં રજૂ કરવા નાણાં સમિતિ ભલામણ કરે છે. "

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૭ નાણાકિય વર્ષ: ૨૦૨૩–૨૪ની અંદાજપત્રીય જોગવાઇમાં વિકાસ ખર્ચ હેઠળ મુકવાના થતા સૂચિત નવા કાર્યક્રમોની સમીક્ષા કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તક **વર્ષ ૨૦૨૩–૨૪**ની અંદાજપત્રીય જોગવાઇમાં વિકાસ ખર્ચ હેઠળ વિભાગ-૧ અંતર્ગત મુકવાના થતા સૂચિત નવા કાર્યક્રમો (સામેલ પત્રક ૧૫.૯.૧ મુજબ) સરકારશ્રીમાં રજૂ કરવા નાણાં સમિતિ ભલામણ કરે છે. "

**(અમલ :– સંશોધન નિયામકશ્રી)**

**મુદ્દા નં. ૨૨.૮ નાણાંકિય વર્ષ ૨૦૨૨–૨૩ ના સ્થાયી ખર્ચ (નોનપ્લાન) અને વિકાસ ખર્ચ (પ્લાન) યોજનાનું સુધારેલ અંદાજ (રીવાઇઝ બજેટ) રજુ કરવા બાબત.**

"આથી ઠરાવવામાં આવે છે કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીનું **સને ૨૦૨૨–૨૩** ના વર્ષનું **સ્થાયી ખર્ચ (આયોજન બહાર) અને વિકાસ ખર્ચ (પ્લાન)** યોજનાઓનો કુલ **સુધારેલ અંદાજ રૂ.૨૧૭૨૩.૧૬ (લાખ**) થાય છે. જેમાંથી યુનિવર્સિટીની **સૂચિત આવક રૂ.૬૩૭.૪૮ (લાખ)** બાદ કરી **નેટ અંદાજ રૂ. ૨૧૦૮૫.૬૮ (લાખ)** સરકારશ્રીમાં રજુ કરવામાં આવેલ છે. જેને ગ્રાહ્ય રાખી નાણાં સમિતિ સંચાલક મંડળશ્રીની કાર્યોત્તર મંજૂરી અર્થે રજૂ કરવા ભલામણ કરે છે. "

**(અમલ :– સંશોધન નિયામકશ્રી અને હિસાબ નિયામકશ્રી)**

અંતે હાજર રહેલ અધ્યક્ષશ્રી તેમજ તમામ સભ્યશ્રીઓનું સભ્ય સચિવશ્રીએ આભાર માની મીટીંગ પુર્ણ થયાની જાહેર કરી.

**સદરહું કાર્યનોંધ માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.**

**જા.નં.નકૃયુ/હિનિ/પી.એ./૬૪૭૪-૮૦/૨૦૨૨**
**તા.૨૧/૧૨/૨૦૨૨**

**સભ્ય સચિવ અને હિસાબ નિયામક**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના:-**

**૧.** શ્રી સુધીર યુ. ઉપાધ્યાય, નાયબ સચિવશ્રી (કૃષી યુનિ.) કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
**૨.** શ્રી ડી.બી. નિમાવત, નાણાં સલાહકાર(કૃષી, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ) સચિવાલય, ગાંધીનગર.
**૩.** ડો. જેરામભાઇ ગોમનભાઇ પટેલ, સભ્યશ્રી અને નિયામક મંડળના સભ્ય, નવસારી.
**૪.** ડો. અલ્કા સિંઘ, સભ્યશ્રી અને ડીન અસ્પી કોલેજ, ન.કૃ.યુ નવસારી.
**૫.** ડો. એચ.વી.પંડયા, સભ્યશ્રી અને કુલસચિવ, ન.કૃ.યુ. , નવસારી.
**૬.** ડો. તીમુર અહલાવત, આમંત્રીત સભ્યશ્રી અને સંશોધન નિયામક, ન.કૃ.યુ. , નવસારી.
**૭.** માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.